પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગસ્ટ, ૨૦૧૯, બુધવાર; શ્રાવણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાંથી કલમ-૧૪૪ દૂર કરવા સુપ્રિમનો ઈન્કાર

**સરકારને સ્થિતિ સામાન્ય કરવા સમય મળે : રાતોરાત કોઇપણ ચીજો સામાન્ય બની શકે નહીં જેથી લાગૂ કરાયેલા અંકુશોને લઇ આદેશ કરાશે નહીં : સુપ્રીમમાં મામલાની સુનાવણી બે સપ્તાહ માટે ટળી**



નવીદિલ્હી, તા. ૧૩

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ દૂર કરવામાં આવ્યા બાદ ત્યાં લાગૂ કરવામાં આવેલા નિયંત્રણો ઉપર સુપ્રીમ કોર્ટે દરમિયાનગીરી કરવા અને નિયંત્રણોને દૂર કરવાના મામલે દરમિયાનગીરી કરવાનો સાફ ઈન્કાર કરી દીધો છે અને કહ્યું છે કે, સરકારને વધારે સમય મળે તે ખુબ જરૂરી છે. સરકાર ઉપર વિશ્વાસ રાખવાની જરૂર દેખાઈ રહી છે. સુપ્રીમ કોર્ટે દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરતા કહ્યું છે કે, રાજ્યમાં સ્થિતિ સંવેદનશીલ છે અને સરકાર પર વિશ્વાસ કરવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટે એક અરજી ઉપર સુનાવણી કરતી વેળા કહ્યું હતું કે, રાજ્યની સ્થિતિને સામાન્ય બનાવવા માટે સરકારને વધારે સમય મળવો જોઈએ. રાતોરાત કોઈ ચીજો બદલી શકાશે નહીં. આવી સ્થિતિમાં રાજ્યમાં લાગૂ કરવામાં આવેલા અંકુશો ઉપર કોઈપણ પ્રકારના આદેશ જારી કરવામાં આવશે નહીં. આની સાથે સાથે કોર્ટે બે સપ્તાહ માટે આ મામલાની સુનાવણી ટાળી દીધી છે. જમ્મુ કાશ્મીરમાં પ્રતિબંધ અને સંચારબંધી દૂર કરવા તથા દૂરસંચાર સેવા પુનઃ સ્થાપિત કરવાની માંગ કરતી એક અરજી ઉપર જસ્ટિસ અરુણ મિશ્રા, જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ અજય રસ્તોગીની બનેલી બેંચે એટર્ની જનરલને પ્રશ્ન કર્યો હતો કે, જમ્મુ કાશ્મીરમાં કેટલા દિવસ સુધી અંકુશો અમલી રહેશે. આ પ્રશ્નના જવાબમાં એટર્ની જનરલે કહ્યું હતું કે, સરકાર પળ પળની સ્થિતિ પર નજર રાખી રહી છે. ૨૦૧૬માં આજ પ્રકારની સ્થિતિને સામાન્ય બનાવવામાં ત્રણ મહિનાનો સમય લાગ્યો હતો. આવી સ્થિતિમાં સ્થિતિ વહેલીતકે સામાન્ય બનાવી દેવામાં આવે તેવા

● અનુસંધાન પાન-૭ પર

## અમિત શાહ લાલચોક પર તિરંગો લહેરાવવા ઈચ્છુક

**અમિત શાહ આજે શ્રીનગર જવા રવાના થશે : એનડીએની સરકાર બીજું ઐતિહાસિક પગલું લેવા તૈયાર**




શ્રીનગર, તા. ૧૩

કેન્દ્રીય મંત્રી અમિત શાહ આ વખતે જમ્મુ કાશ્મીરમાં ૭૩માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૪મી ઓગસ્ટના દિવસે એટલે કે આવતીકાલે સાંજે અમિત શાહ શ્રીનગર જવા રવાના થશે. એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે, કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ આ વખતે ૧૫મી ઓગસ્ટના પ્રસંગે શ્રીનગરના લાલચોકમાં તિરંગો અમિત શાહ લહેરાવશે. આ પ્રસંગે બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના અધ્યક્ષ નીતિશકુમાર દ્વારા પણ આનું સમર્થન કરવામાં આવ્યું છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાંથી લડાખને અલગ કરીને બંનેને કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે જાહેર કર્યા હતા. જો કે, કેન્દ્રીયમંત્રી અમિત શાહ સ્વતંત્રતા દિવસના પ્રસંગે લાલચોક ઉપર તિરંગો ધ્વજ લહેરાવશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને બીજુ ઐતિહાસિક પગલું રહેશે. શ્રીનગર બાદ અમિત શાહ ૧૬ અને ૧૭મી ઓગસ્ટના દિવસે લડાખમાં રહેશે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

# રિટેલ ફુગાવો ઘટીને ૩.૧૫ ટકા થયો

**જૂનમાં રિટેલ ફુગાવો ૩.૧૫ ટકા રહ્યો હતો : રિટેલ ફુગાવો રિઝર્વ બેંકના ટાર્ગેટ કરતા હજુપણ ઓછો**

નવી દિલ્હી, તા. ૧૩

રિટેલ અથવા કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ (સીપીઆઈ) ફુગાવો ઘટીને જુલાઈ મહિનામાં ૩.૧૫ની નીચી સપાટીએ પહોંચી ગયો છે જે જૂન મહિનામાં ૩.૧૮ ટકા હતો. આજે સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી હતી. આ આંકડો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નક્કી કરવામાં આવેલા ચાર ટકાના ટાર્ગેટ કરતા ઓછો રહેલો છે. ફુગાવા આધારિત કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સનો આંકડો મે ૨૦૧૯માં ૩.૦૫ ટકા રહ્યો હતો જ્યારે ગયા વર્ષે જુલાઈ મહિનામાં ૪.૧૭ ટકા રહ્યો હતો. તમામ લોકો જાણે છે કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેની દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરતી વેળા હંમેશા રિટેલ ફુગાવાના પરિબળને ધ્યાનમાં લે છે. આજે જારી કરવામાં આવેલા આંકડા મુજબ ફુગાવામાં ઘટાડો થવા માટે કેટલાક પરિબળો જવાબદાર રહેલા છે. ફુગાવો જુલાઈ મહિનામાં વધી શકે છે તેમ તમામ લોકો માની રહ્યા હતા. અગ્રણી સમાચાર સંસ્થા દ્વારા હાલમાં જ જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, રિટેલ ફુગાવો સતત છઠ્ઠા મહિનામાં વધી શકે છે. જો કે તમામ અર્થશાસ્ત્રીઓની ગણતરી ઉંથી વળી ગઈ છે. આજે જારી કરવામાં આવેલા આંકડા મુજબ સીપીઆઈ ફુગાવો ઘટીને ૩.૧૫ ટકા થઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય રિઝર્વ બેંકે સાતમી ઓગસ્ટના દિવસે નાણાંકીય વર્ષની તેની ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકના પરિણામ જાહેર કર્યા હતા. ધારણા પ્રમાણે જ રેપોરેટમાં ૦.૩૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ રેપોરેટ ૫.૭૫ ટકાથી ઘટીને ૫.૪૦ ટકા થઈ ગયો છે. આવી જ રીતે રિવર્સ રેપો રેટ ૫.૭૫ ટકાથી ઘટીને હવે ૫.૧૫ ટકા થઈ ગયો છે. સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.સતત ચોથી વખત આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. રેપો રેટ હજુ સુધી ૫.૭૫ ટકા હતો. જે સપ્ટેમ્બર ૨૦૧૦ બાદ સૌથી નીચી સપાટી પર હતો. આરબીઆઈ આ વર્ષે પહેલાથી જ રેપો રેટમાં ત્રણ વખત ૦.૭૫ ટકા સુધીનો ઘટાડો કરી ચુકી છે.

## ન્યુઝ ટ્રેક

### જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપના આંચકા

જમ્મુ-કાશ્મીરમાં મંગળવારે સાંજે ૪.૨૦ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આંચકાના કારણે લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. રીક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૨ માપવામાં આવી હતી. જમ્મુ, ડોડા, શ્રીનગર, ઉધમપુર વિસ્તારમાં વધુ અસર જોવા મળી.

### સાત રાજ્યોને સુપ્રિમે દંડ ફટકાર્યો

સુપ્રિમ કોર્ટે માનવાધિકાર કોર્ટ સ્થાપિત કરવા મામલે સાત રાજ્યોએ કોઈ જવાબ ન આપતા કોર્ટે આ રાજ્યો પર એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે જાન્યુઆરી ૨૦૧૮માં આ મામલે નિર્દેષ કર્યો હતો. રાજસ્થાન, ઉત્તરાખંડ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ, ઓડિશા, મેઘાલય અને મિઝોરમને દંડ ફટકારાયો છે.

### પાકે. એલઓસી પર સેના વધારી

જમ્મુ-કાશ્મીરમાં લાઈન ઓફ કન્ટ્રોલ પાસે છેલ્લા થોડા દિવસોથી સૈન્ય ક્ષમતા વધી રહી છે. જેને લઈને સૈન્ય પ્રમુખ બિપિન રાવતે કહ્યુ છે કે ભારતીય સેના કોઈપણ ખતરાનો સામનો કરવા તૈયાર છે. સેના પ્રમુખે જનરલ બિપિન રાવતે કહ્યું કે ભારતીય સેના એલર્ટ પર છે. જો પાકિસ્તાની સેના એલઓસી પર આવવા ઈચ્છે છે તો તે તેમની પર નિર્ભર કરે છે. તેમને આ મામલે સરખો જવાબ મળશે.

# શેરબજાર કડડભુસ : સેંસેક્સમાં ૬૨૪ પોઈન્ટનો ઘટાડો



**મુડીરોકાણકારોએ જંગી નાણા એક દિવસમાં ગુમાવી દીધા : ઇન્ટ્રા ડે કારોબાર દરમિયાન સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ક્રમશઃ ૮૬૬ અને ૨૪૪ પોઇન્ટનો ઘટાડો : ફાઈનાન્સિયલ તેમજ બેંકિંગના શેરમાં મોટો ઘટાડો**

મુંબઈ, તા. ૧૩

શેરબજારમાં આજે જોરદાર કડાકો બોલી ગયો હતો. શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં મૂડીરોકાણકારોએ જંગી નાણાં ગુમાવી દીધા હતા. સેંસેક્સ માટે મંગળવારનો દિવસ મંગળકારી રહ્યો ન હતો. બીએસઈ સેંસેક્સ આજે કારોબારના અંતે જોરદારરીતે ઘટી ગયો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન સેંસેક્સ અને નિફ્ટી બંને ક્રમશઃ ૮૬૭ અને ૨૪૪ પોઈન્ટ સુધી ઘટી ગયા હતા જેથી કારોબારના અંતે સ્થિતિમાં આંશિક સુધારો થયો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૬૨૪ પોઈન્ટ ઘટીને ૩૬૯૫૮ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં સેંસેક્સની ૩૦ કંપનીઓ પૈકીની ૨૮ કંપનીઓના શેરમાં જોરદાર કડાકો બોલી ગયો હતો. યશ બેંક, એમએન્ડએમ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. જ્યારે એક માત્ર રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને સનફાર્માના શેરમાં તેજી જામી હતી. નિફ્ટીમાં પણ ૧૧૦૦૦ની સાયકોલોજીકલ સપાટી તુટી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## નાગપુરથી દિલ્હી જતી ફ્લાઇટમાં ટેકનિકલ ખામી સર્જાતા પરત

નાગપુર,તા.૧૩

નાગપુરથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફલાઈટમાં ટેક્નિકલ ખામી આવતા રનવે પરથી વિમાન પરત ફર્યું હતું. પાઈલટે વિમાન ટેકઓફ નહીં કરવાનું જણાવ્યું હતું અને તમામ પ્રવાસીઓને પ્લેનમાંથી નીચે ઉતારી પરત એરપોર્ટ લઈ જવામાં આવ્યા હતા. આ ફલાઈટમાં કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી પણ હતા. ઈન્ડિગોની ફલાઈટ વિમાન રનવે પર પહોંચ્યું પરંતુ એરક્રાફટમાં ગંભીર ટેક્નિકલ ખામી જણાતા પાયલટે ટેકઓફ કરવાનું માંડી વાળ્યું હતું.

# સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના ૧૦ ધારાસભ્યો ભાજપમાં જોડાયા

**ખાતુ પણ ન ખોલનાર ભાજપ પાસે હવે ૧૦ સભ્યો : પવન ચામલિંગ સહિતના પાંચ ધારાસભ્યોને બાદ કરતા તમામ ધારાસભ્યો ભાજપમાં સામેલ થતાં નવા સમીકરણો**




નવી દિલ્હી, તા. ૧૩

સિક્કિમની મુખ્ય પાર્ટી સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ (એસડીએફ)ના ૧૦ ધારાસભ્ય આજે પાટનગર દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. પૂર્વ મુખ્યમંત્રી પવનકુમાર ચામલિન સહિત પાંચ ધારાસભ્યોને બાદ કરતા તમામ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે. આની સાથે જ સિક્કિમમાં હજુ સુધી ખાતુ પણ નહીં ખોલનાર ભારતીય જનતા પાર્ટીમાં એકાએક ૧૦ ધારાસભ્યો થઈ ગયા છે. સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ દ્વારા પૂર્વોત્તરના મુખ્ય પ્રદેશ ગણાતા સિક્કિમ પર ૨૫ વર્ષ સુધી શાસન કર્યું છે. ભાજપના કારોબારી અધ્યક્ષ જેપી નડ્ડા અને મહાસચિવ રામમાધવની

● અનુસંધાન પાન-૭ પર

## આગામી ૯ મહિનામાં દુનિયાભરમાં આર્થિક મંદીના ભણકારા : મોર્ગન સ્ટેનલી

મુંબઈ,તા.૧૩

અમેરિકન મલ્ટીનેશનલ ઈન્વેસ્ટમેન્ટ બેક્ર મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે વૈશ્વિક સ્તરે આર્થિક મંદીનાં ભણકારા વાગી રહ્યા છે અને કદાચ આજથી ૯ મહિનામાં જ દુનિયાભરમાં આર્થિક મંદી ફરી વળે એવી સંભાવના છે.

દુનિયાના બે સૌથી મોટા અર્થતંત્ર – અમેરિકા અને ચીન વચ્ચે હાલ ચાલી રહેલી વ્યાપાર તંગદિલી દુનિયાભરમાં આર્થિક મંદી લાવે એવી સંભાવના છે. ન્યૂ યોર્ક સિટીમાં જેનું વડુંમથક છે તે ફાઈનાન્સિયલ સર્વિસીસ કંપની મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે દુનિયાભરની અર્થવ્યવસ્થાઓ મંદીનો સંકેત આપી રહી છે.




# જમ્મુ કાશ્મીર-લડાખ જવા રાહુલ ગાંધી તૈયાર

**કાશ્મીરના રાજ્યપાલના નિમંત્રણનો સ્વીકાર : કાશ્મીરમાં સ્વતાંત્રતાની સાથે ફરવાની મંજુરી હોવી જોઇએ**

નવી દિલ્હી, તા. ૧૩

જમ્મુ કાશ્મીરની વાસ્તવિક જમીની સ્થિતિને જોવા માટે રાજ્યપાલ સત્યપાલ મલિકનું નિમંત્રણ સ્વિકાર કરીને કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે, તેમને કોઈ ખાસ વિમાનની જરૂર નથી. તેમને માત્ર જમ્મુ કાશ્મીરમાં સ્વતંત્રતા સાથે ફરવાની મંજુરી મળવી જોઈએ. રાહુલે આજે ટ્વિટ કરીને કહ્યું હતું કે, રાજ્યપાલ સત્યપાલ મલિકના નિમંત્રણને તેઓ સ્વીકાર કરે છે. જમ્મુ કાશ્મીર અને લડાખ જવા માટે પણ તૈયાર છે. રાહુલે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર અને લડાખ આવવા માટે આપના શ્રદ્ધાપૂર્વકના નિમંત્રણને તેઓ સ્વીકાર કરે છે. વિપક્ષી નેતાઓના એક પ્રતિનિધિમંડળ સાથે તેઓ ત્યાં પહોંચશે. રાજ્યપાલ સત્યપાલ મલિકે કલમ ૩૭૦ દૂર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરની

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225